

# સામાજિક વનીકરણ કાર્યક્રમ અંતર્ગત વિવિધ યોજનાઓ



## વન વિભાગ, ગુજરાત રાજ્ય

# સામાજિક વનીકરણના હેતુઓ

- વૃક્ષ આચ્છાદિત હરિયાળુ કવચ ઊભુ કરી કાર્બન સંયમ સાથે રાજ્ય માટે ટકાઉ વિકાસનો આધાર ઉભો કરવો.
- ખેડૂતો, લોકો તથા વિવિધ સંસ્થાઓને વનીકરણની પ્રવૃત્તિ માટે સંગઠીત કરી લાભ લેવા પ્રોત્સાહિત કરવા.
- વન પેદાશો (ઈમારતી લાકડુ, જલાઉ લાકડુ, ઘાસચારો, ફળો તથા અન્ય ગૌણ વન પેદાશો)માં વધારો કરવો જેથી લોકોને તેમની જરૂરીયાત સરળતાથી મળી રહે.
- ગ્રામીણ ગરીબ લોકો માટે રોજીની તકો વધારવી.
- ફાજલ પડેલ સરકારી, સહકારી, સંસ્થાકીય તેમજ ખાનગી જમીન પર વૃક્ષાવરણ વધારવું.
- રાજ્યની પર્યાવરણીય અને જૈવીક વૈવિધ્યતાની સુરક્ષા અને સંવર્ધન કરવુ.

## ૧. વનીકરણ

### ૧.૧ પટ્ટીવાવેતર (સ્ટ્રીપ પ્લાન્ટેશન) એસ

આ મોડેલ હેઠળ રાજયના એક્ષપ્રેસ વે, નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, એમ.ડી.આર., ઓ.ડી.આર., અન્ય રોડ સાઈડની બંને બાજુ તેમજ રેલ્વે સાઈડ અને કેનાલ સાઈડની બાજુની ઉપલબ્ધ જમીનમાં ખાતાકીય રાહે વાવેતર કરવામાં આવે છે. પ્રતિ હેક્ટરે (૮૦૦) રોપા મુજબ સુશોભિત ફુલ આપતા, ઘટાદાર, ફળાઉ અને સીધા વૃક્ષોનું પદ્ધતિસર વાવેતર કરવામાં આવે છે. સદર વાવેતર પાકટ થયે કાપણી બાદ કરેલ ખર્ચ બાદ કરતા ચોખ્ખી ઉપજની ૫૦% રકમ સંલગ્ન તાલુકા પંચાયતને સ્થાનિક વિકાસના કામોમાટે ફાળવવામાં આવે છે.



### ૧.૨ ગ્રામ વાટીકા (પિયત) જી-૧

રાજ્યભરના ગામોમાં કે જ્યાં સમતલ વિસ્તારમાં ગૌચર, સરકારી ખરાબો અને સિંચાઈની સગવડ છે તે સ્થળ પ્રતિ હેક્ટર ૧૬૦૦ રોપા મુજબ વાવેતર કરવામાં આવે છે. સિંચાઈ સાથે આંતરપાક અને ઘાસની પણ વાવણી થાય છે. વધુ આવક આપી શકે તેવી ક્લોનલ નીલગીરી, અરડુસા, દેશી બાવળ તેમજ ફળાઉ વૃક્ષોમાં ખાટી આમલી, આંબો, રાયણ, કોઠી, જાંબુ, આમળા વગેરે વૃક્ષો લગાવવામાં આવે છે. સદર વાવેતર પાકટ થયે કાપણી બાદ ખર્ચ બાદ કરતા ચોખ્ખી ઉપરના ૭૫% રકમ ગ્રામ પંચાયતને વિકાસના કામો માટે ફાળવવામાં આવે છે. અને બાકીની ૨૫% રકમ પુનઃ વનીકરણ માટે ફાળવવામાં આવે છે.



### ૧.૩ ગ્રામ વાટીકા (બિન પિયત) જી-૨

ગામના ગૌચર, સરકારી ખરાબા અને ગાંડાબાવળથી ગેરાયેલ વિસ્તારમાં વરસાદ આધારિત



વાવેતર કરવામાં આવે છે. સ્થાનિક જમીનને અનુરૂપ પ્રતિહેક્ટર ૪૦૦ રોપા કે જેમાં ફળાઉ, ઘટાદાર, સુશોભિત, બળતણ અને ચારો આપતા વૃક્ષો વાવવામાં આવે છે. સદર વાવેતર પાકટ થયે કાપણી બાદ ખર્ચ બાદ કરતાં ચોખ્ખી ઉપજના ૭૫% રકમ ગ્રામ પંચાયતના વિકાસના કામોમાટે ફાળવવામાં આવે છે. અને બાકીની ૨૫% રકમ પુનઃ વનીકરણ માટે ફાળવવામાં આવે છે.

### ૧.૪ ફાર્મ ફોરેસ્ટ્રી (વૃક્ષ ખેતી)

સિંચાઈની સુવિધાવાળા ખેડૂતોના ખેતરમાં તેમજ સિંચાઈની સુવિધા ઉપલબ્ધના હોય તેવા ખેડૂતોના ખેડરમાં પ્રતિ હેક્ટરે ૧૦૦૦ રોપા કે જેમાં શરૂ, કલોનલ નીલગીરી વગેરે વાવી આપવામાં આવે છે. ખેડૂત દ્વારા લેવલીંગ અને ખેડ કરી કોઈ પણ સમયે પાણીની ઉપલબ્ધિ મુજબ વાવેતર કરવામાં આવે છે. ખેડૂત લાભાર્થીને તમામ કામગીરી કર્યેથી દર વર્ષના નવેમ્બર અંતિત ૫૦% થી વધુ જીવંત ટકાવારી હોય તો ચાલુ વર્ષ, વર્ષ અંતિત, પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષે હેક્ટર દીઠ રૂા.૮,૦૦૦/-, રૂા.૪,૦૦૦/-, રૂા.૪,૦૦૦/- અને રૂા.૪,૦૦૦/- એમ કુલ રૂા.૨૦,૦૦૦/- જેટલી રકમ સહાય પેટે આપવામાં આવે છે. મહત્તમ એક લાભાર્થીને હેક્ટર - ૨ના વાવેતરનો લાભ મળી શકે છે. લાભાર્થી તેની અનુકુળતાએ ચાર વર્ષ પછી પોતે વૃક્ષોની કાપણી કરી શકે છે. કસ વગરની જમીનમાં ખેડૂતો વતી વન વિભાગ દ્વારા પણ વાવેતર કરવામાં આવે છે.

## ૨. વન મહોત્સવ

### ૨.૧ વન મહોત્સવ - લોકોત્સવ

વૃક્ષારોપણની પાવન કામગીરીને વ્યાપક, અસરકારક, સાર્વત્રિક અને  લોકભાગ્ય બનાવવાના હરિત ઉદ્દેશ્યથી વન વિભાગ દ્વારા ચોમાસાની ઋતુમાં રાજ્ય કક્ષાના વિવિધ મહત્વ ધરાવતા વિશિષ્ટ વનોને કાયમી ધોરણે **સાંસ્કૃતિક વન** તરીકે વિકસાવવામાં આવેલ છે. જેમ કે



૨૦૦૪માં ગાંધીનગર - પુનિત વન

૨૦૦૫માં અંબાજી - માંગલ્ય વન

૨૦૦૬માં તારંગા - તીર્થંકર વન

૨૦૦૭માં સોમનાથ - હરિહર વન

૨૦૦૮માં ચોટીલા - ભક્તિ વન

૨૦૦૯માં શામળાજી - શ્યામળ વન

૨૦૧૦માં પાલીતાણા - પાવક વન

૨૦૧૧માં પાવાગઢ - વિરાસત વન

૨૦૧૨માં માનગઢ - ગોવિંદ ગુરૂ સ્મૃતિ વન

૨૦૧૩માં નાગેશ્વર, દ્વારકા-નાગેશ વન

૨૦૧૪માં ખોડલધામ - શક્તિ વન

૨૦૧૫માં ભિનાર - જાનકી વન

૨૦૧૬માં વહેરાખાડી - મહિસાગર વન

૨૦૧૬માં બાલચૌંઢી - આમ્રવન

૨૦૧૬માં મૌતા - અકેતાવન

૨૦૧૬માં ભૂચરમોરી - શહીદવન




આ સાથે તમામ જીલ્લા, તાલુકા તથા ગ્રામ કક્ષાએ વન મહોત્સવનું પર્વ ધામધૂમ થી લોકોત્સવ તરીકે સફળતા પૂર્વક જરૂરી લોકસહયોગ સાથે ઝુંબેશના રૂપમાં ઉજવવામાં આવે છે.

## ૨.૨ ખાતાકીય નર્સરી હેઠળ રોપા વિતરણ:

૧. ૧૦ સે.મી. x ૨૦ સે.મી. તથા ૧૫ સે.મી. x ૨૫ સે.મી. પોલીથીન બેગમાં ઉછરેલ રોપા કોઈ પણ વ્યક્તિ/સંસ્થાને પોતાના ઉપયોગ માટે જોઈએ તેટલા મફત આપવામાં આવશે.



૨. બિન-સરકારી/ સહકારી સંસ્થાઓ/ પંચાયતો / નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓ વિગેરેને ઉપર મુજબ મફત રોપા વિતરણની કામગીરી સાથે સાંકળવામાં આવશે અને તેમના તરફથી ખરેખર રોપા ઉછેરવાની નિયત પત્રકમાં પૂર્વ યાદી મળેથી તેમને અમર્યાદિત રોપા મફત આપવામાં આવશે.

### મૂલ્યથી રોપ વિતરણ

| અ.નં. | રોપાની પોલીથીન બેગની સાઈઝ | રોપા દીઠ કિંમત |
|---|---|---|
| ૧. | ૨૦સે.મી.x ૨૦ સે.મી. | રૂા.૫.૦૦ |
| ૨. | ૨૦સે.મી.x ૩૦ સે.મી. | રૂા.૭.૫૦ |
| ૩. | ૩૦x૪૦સે.મી. | રૂા.૧૫.૦૦ |
| ૪. | અન્ય મોટી થેલી | રૂા.૧૦૦.૦૦ |
| ૫. | વાંસનું રાઈઝોમ | રૂા.૨.૦૦ |
| ૬. | સાગના સ્ટમ્પ | રૂા.૪.૦૦ |
| ૭. | ટીસ્યુ કલ્ચર સાગના રોપા | રૂા.૨૫.૦૦ |
| ૮. | કલોનલ નીલગીરી | રૂા.૫.૦૦ |
| ૯. | મલબાર લીમડો | રૂા.૧૦.૦૦ |
| ૧૦. | ચંદનના રોપા | રૂા.૨૦.૦૦ |
| ૧૧. | કલમી રોપા | રૂા.૧૦.૦૦ |
| | (જાત અને કલમના પ્રકાર મુજબ) | થી રૂા. ૨૫.૦૦ |

## ૨.૩ હરિયાળુ ગ્રામ યોજના

સૌથી વધુ પર્યાવરણ સુરક્ષાની જરૂરીયાત શહેર અને ગામમાં હોય છે, અને મોટા ભાગના વાવેતર ચોમાસા દરમ્યાન વનમહોત્સવના ભાગરૂપે થતા હોય છે. આમ શહેર અને ગામમાં યોગ્ય રીતે વાવેતર થાય અને ત્યાર પછીની માવજત પણ સુનિશ્ચિત થાય તે હેતુસર હરીયાળુ ગ્રામ યોજના અમલમાં મૂકેલ છે. આ યોજના હેઠળ વન વિભાગ દ્વારા મફત રોપા આપવામાં આવે છે. અને વાહતુક કરી જમીન ધારકની જમીનપર સરકારી ખર્ચે વાવેતર કરવામાં આવે છે. વાવેતર પછીની માવજતની જવાબદારી જે તે જમીનધારક/સંસ્થાની હોય છે. આ યોજના હેઠળ ફળાઉ, સુશોભિત અને છાંયા આપતા વૃક્ષો પર ભાર મુકવામાં આવે છે. આ યોજના હેઠળ પ્રતિ હેક્ટર ૪૦૦ રોપા ઉછેરવામાં આવે છે. આ યોજનાનો લાભ દરેક સરકારી /બીનસરકારી / શૈક્ષણિક / ઔદ્યોગિક / સ્વરાજની સંસ્થા વગેરે લઈ શકે છે.

## ૨.૪ આર.ડી.એફ.એલ (કસ વગરની જમીન પર ખેત વનીકરણ)

નાના/સિમાન્ત ખેડુતો માટેની આ યોજના છે. જે બિનખેતી લાયક (ધસાઈ ગયેલ જમીનમાં) વાવતેર કરવામાં આવે છે. બ્લોકમાં વાવેતર લઈ શકાય છે. આ મોડલ હેઠળ કરવાની થતી તમામ કામગીરી વન વિભાગ દ્વારા કરવામાં આવે છે. વાવેતર પછીની માવજતની જવાબદારી જે તે ખેડુતની હોય છે. આ મોડલ હેઠળ પ્રતિ હેક્ટરે ૧૦૦૦ રોપા ઉછેરવામાં આવે છે. ૫૦% થી વધુ જીવંત ટકાવારી હોય તો ચાલુ વર્ષ, પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ હેક્ટર દીઠ રૂા.૪૦૦૦/-, રૂા.૪૦૦૦/-, રૂા.૪૦૦૦/- અને રૂા.૪૦૦૦/- એમ કુલ રૂા.૧૬,૦૦૦/- જેટલી રકમ સહાય પેટે આપવામાં આવે છે.

## ૨.૫ વૃક્ષ ખેતી (એગ્રો ફોરેસ્ટ્રી)

વન વિભાગની મદદ થકી ખેડુતની વૃક્ષખેતી કામગીરી આપવામાં આવે છે. વન વિભાગ તરફથી યથાયોગ્ય માર્ગદર્શન તેમજ નીચે મુજબ નાણાંકીય સહાય આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | હેક્ટર દીઠ રોપાની સંખ્યા | રોપા દીઠ સહાયનું ધોરણ | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૧લુ વર્ષ | ૨જુ વર્ષ | ૩જુ વર્ષ | ૪થુ વર્ષ | કુલ |
| ૧ | શેઢાપાળે વાવેતર | ૧૦૦ રોપા સુધી | ૧૪/- | ૭/- | ૭/- | ૭/- | ૩૫/- |
| ૨ | નિમ્ન ઘનતા વૃક્ષખેતી | ૫૦૦ રોપ સુધી | ૧૪/- | ૭/- | ૭/- | ૭/- | ૩૫/- |
| ૩ | મધ્યમ ઘનતા વૃક્ષખેતી | ૫૦૦ થી ૧૫૦૦ | ૮/- | ૪/- | ૪/- | ૪/- | ૨૦/- |
| ૪ | ઉચ્ચ ઘનતા વૃક્ષખેતી | ૧૫૦૦ થી વધુ | ૬/- | ૩/- | ૩/- | ૩/- | ૧૫/- |

- વૃક્ષ સંપદા પર ખેડુતનો સંપૂર્ણ માલિકી હક્ક રહેશે.
- ખેડુતની પસંદગીના ગુણવત્તાસભર રોપા આપવામાં આવે છે.

## ૨.૬ વિકેન્દ્રીત પ્રજા નર્સરીઃ

**પ્રવૃત્તિના લાભાર્થીની પાત્રતાના માપદંડઃ** નાના આને સિમાંત ખેડૂતો ગરીબી રેખા નીચે જીવત કુટુંબો ખેત વિહોણ મજુરો અને શાળાઓને તેમજ સામાન્ય નાગરીકો આ લાભ લઈ શકે છે.



**પ્રવૃત્તિ અંતર્ગત સહાય / લાભઃ** આ યોજના અંતર્ગત ૧૦,૦૦૦ થી ૨૦,૦૦૦ રોપા મંજુર થયા મુજબ ઉછેરવાના રહે છે. ત્રણ હપ્તામાં

૧૦x૨૦ની થેલી માટે રૂા. ૨.૨૦ મુજબ ચુકવણી કરવામાં આવે છે.

***પ્રવૃત્તિના લાભ મેળવવાની પદ્ધતિ:*** *આ યોજનાનો લાભ મેળવવા માટે ઈચ્છુક વ્યક્તિઓ અને* શાળાઓએ નિયત નમૂનામાં સબંધિત પરિક્ષેત્ર વન અધિકારીશ્રી મારફત નાયબ વન સંરક્ષકશ્રીને જે જગ્યાએ નર્સરી ઉછેર કરવામાં આવનાર હોય તે જગ્યાના ૭/૧૨ અને ૬-અ ના ઉતારા સાથે ફોટોગ્રાફ, જરૂરી બેંક એકાઉન્ટ નંબર સાથે અરજી કરવાની રહે છે જેની ચકાસણી. સંબંધિત પરિક્ષેત્ર વન અધિકારીશ્રી સામાજિક વનીકરણની કચેરી દ્વારા થયેથી મંજુરી મળશે.

## ૩. અન્ય પ્રવૃત્તિઓ

### ૩.૧ સુધારેલ સ્મશાન સગડી:

**પ્રવૃત્તિના લાભાર્થીની પાત્રતા માપદંડ:** આ પ્રવૃત્તિ અંર્તગત બળતણના બચાવ થાય તે માટે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા પંચાયતની અરજી મળેથી જરૂરી બેઠક/ઓટલો અને શેડની સગવડ મુજબ સ્મશાન સગડી વિના મૂલ્યે ફાળવવામાં આવે છે.

પ્રવૃત્તિના લાભ મેળવવા પદ્ધતિ : સ્મશાન સગડી બનાવવાની માંગણી સબંધિત નાયબ વન સંરક્ષકશ્રીને પરિક્ષેત્ર વન અધિકારીશ્રી મારફત કર્યા પછી લાભ મળી શકે છે.

### ૩.૨ વન વિશ્રામ કુટીર:



જાહેર માર્ગ, ધાર્મિક-ઐતિહાસિક મહત્તા ધરાવતા સ્થળો અને રાહદારીઓને વિશ્રામ મળે તે આશયથી વન વિભાગ દ્વારા આકર્ષક સુત્ર પ્રચાર સાથે લોકપયોગી કુટીર બાંધવામાં આવે છે. જેનો લાભ સમાજના દરેક સ્તરના લોકો લે છે.

### ૩.૩ નિર્ધૂમ ચુલા:

બળતણ બચાવ અને સ્વાસ્થ્ય સુધારણા તેમજ સ્વચ્છતા અભિયાન સંલગ્ન આ પ્રવૃત્તિમાં લક્ષ્યાંક મુજબ સામાન્ય ગ્રામજનોને વિનામૂલ્યે કુટુંબ દીઠ આ ચુલા ફાળવવામાં આવે છે.

### ૩.૫ કિસાન શિબિર:




કિસાનભાઈઓ, સામાન્ય નાગરિકો, વિદ્યાર્થીઓ તેમજ લક્ષિત સંગઠનો અને મહિલા મંડળો માટે વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિ માટે અવારનવાર વન વિભાગ દ્વારા માહિતી, જ્ઞાન તાલીમ આપતી વિવિધ શિબિરા સફળતા પૂર્વક યોજવામાં આવે છે.

### ૩.૬ પ્રચાર પ્રસાર:

સામાજિક વનીકરણ દ્વારા વૃક્ષારોપણ, વન્યજીવ પર્યાવરણ તથા સંલગ્ન વિષયો બાબતે જરૂરી સુત્રમાલા, પ્રોત્સાહક ઈનામો, વિવિધ એવોર્ડ, તરૂયાત્રા, જાગૃતિ રેલી, પ્રચાર સાહિત્ય,બોર્ડ, બેનર, સ્ટીકર, રેડિયો તથા ટી.વી. કાર્યક્રમો પણ યોજવામાં આવે છે તથા મોટા, પ્રાચીત,ધાર્મિક, ઐતિહાસિક અને દુલર્ભ વૃક્ષોને જાળવવાનો નવતર અભિગમ પણ વિરાસત વૃક્ષ યોજના અન્વયે રાજ્યમાં કાર્યરત છે.

**વન વિભાગ, ગુજરાત રાજ્ય**